


# મલ્ટી-પર્પઝ ઝીપ પાઉચ બનાવો

**આ વિડિયોમાં તમે ઝીપર પાઉચ બનાવવાનું શીખશો. આ પાઉચ અનેક ઠેકાણે વાપરી શકાય છે અને હાથમાં ઈઝીલી રાખી શકાય છે.**



આ વિડિયોમાં તમે ઝીપર પાઉચ બનાવવાનું શીખશો. આ પાઉચ અનેક ઠેકાણે વાપરી શકાય છે અને હાથમાં ઈઝીલી રાખી શકાય છે.

પાઉચ બનાવવા માટે તમને જોઈશે: 13 ઈંચની એક ઝીપ, લૂપ્સ બનાવવા 6 થી 8 ઈંચ લાંબી રિબન, એક બોબીન - મેચિંગ દોરા સાથે, અને ઓફ કોર્સ, 12 ઈંચ x 11.5 ઈંચનો કલરફુલ કપડાનો દોરો.

તો હવે કામની વાત કરીએ, બરાબર!

કાપડની પહોળી બાજુ પર ઝીપ એવી રીતે મુકો, કે કાપડ અને ઝીપની ચત્તી બાજુ સામ-સામે આવે.

ઝિપરને કિનાર પર ગોઠવો, અને તે ખસી ન જાય તે માટે પિન્સ વાપરો.

ઝીપ ખોલવા રનરને ખેંચો.

ઝિપરની બીજી બાજુ, કાપડની સામી બાજુએ લો.

ઝિપરની ધારને કાપડની કિનાર પર ગોઠવો અને તે ખસી ન જાય તે માટે પિન્સ લગાવો.

હવે મશીન પર લાવો.

A ફુટ બદલીને ઝિપર ફુટ રાખો.

સોય ઊંચી રાખો અને કલેમ્પ કાઢવા પ્રેશર ફુટ છોડી લીવર ઊંચું કરો.

ઝિપર ફુટ મૂકી પ્રેશર ફુટ ઊંચું કરો, એટલે તે કલેમ્પ થઈ જશે.

હવે ઝિપરનો એક છેડો ઝિપર ફુટની જમણી બાજુએ ગોઠવો, અને બીજો છેડો હાથમાં પકડો.

ઝિપરની એક બાજુ ઝિપર ફુટની જમણી બાજુએ રાખો.

ધ્યાનથી સીવવાનું શરુ કરો, ઝિપરની કિનાર પર બીડેડ પિન્સ કાઢવાનું ન ભૂલશો.

એન્ડ આવી ગયા પછી, કપડાને મશીનમાંથી કાઢો અને દોરા કાપી નાખો.








આ જ વસ્તુ બીજી બાજુએ પણ કરો.
પિન્સ આવે તેમ કાઢતા જાઓ.
આ થઈ ગયા પછી, ઝિપર બંને બાજુએ લાગેલી હશે.
રનર ખેંચી ઝિપર બંધ કરો.
કપડાને સપાટ ફોલ્ડ કરી ઝિપરને વચ્ચે રાખો.
પિન્સથી બધા લેયર જોડો, જેમ આ વિડિયોમાં બતાવેલ છે.
રિબન લઈ, એક 2 ઈંચનો ટુકડો કાપો, અને બીજો 3 ઈંચનો ટુકડો કાપો.
હવે નાના ટુકડાને ઘડી કરીને તેનો છેડો ઝિપરની નીચે બેઝ ટુકડાની વચ્ચે રાખો.
પીનથી આ ટકાવો.
રિબનના મોટા ટુકડાને પણ આવી જ રીતે બીજી બાજુએ રાખો.
હવે તમે બંને બાજુએ સીવવા તૈયાર છો.
ઝિપર ફુટ પર પ્રેશર ફુટ A લગાવો.
સોય ઊંચી હોવી જોઈએ.
બંને બાજુએ પિન કરેલા રિબન લૂપ્સને સીવો અને રિવર્સ સ્ટિચ સિલેક્ટરની મદદથી રિવર્સ સ્ટિચ લોક કરો.
આ જ બીજી તરફ પણ દોહરાવો.
હવે આપણે સાઈડ સીવીએ.
હાફ ઈંચ માર્ક વાળા કપડાને નીડલ પ્લેટ પર રાખી સીવીને લોક કરો.
ઝિપર એજ સુધી સીવતા જાઓ.
રિવર્સ સ્ટિચ સિલેક્ટરથી સ્ટીચીસ ધ્યાનથી લોક કરો.
હવે સોય ઊંચી રાખી, પ્રેશર ફુટ ઊંચકો અને ઝિપરના કડક ભાગ પર લગાવો.
બીજી બાજુએ સીવો અને આના પર પણ રિવર્સ સ્ટિચ કરો.









બીજી બાજુ પણ આમ જ કરો.
અહીંયા, ઝીપ પાસે આવો ત્યારે ઝીપ ખોલો.
નીડલ અને પ્રેશર ફુટ ઊંચકો, અને ઝીપ પર આવો. બંને બાજુએ સ્ટિચ લોક કરવાનું જરૂરી છે.
દોરા કાપીને પાછા વર્ક ટેબલ પાસે આવો.
હવે ઝિપર પાઉચની સાઈડ સિવાઈ ગઈ છે. બધી પિન્સ કાઢી નાખો, એ પણ જે તમે અંદર રીબન્સ માટે રાખી હતી.
બતાવ્યા પ્રમાણે ઘડી કરેલી બાજુ અને સિમ જોડી ખૂણો બનાવો.
ખૂણાને સપાટ કરો અને એને અંદરની તરફ દોઢ ઇંચ પર પોઈન્ટ માર્ક કરીને એક સીધી લાઈન દોરો.
આ ફોલ્ડ ટકાવવા પિન લગાવો.
આ જ ક્રિયા બાકીના ત્રણ ખૂણાઓ માટે પણ કરો.
બધા ચાર ખૂણા માર્ક અને પિન થઈ જાય એટલે તમે સીવવા માટે તૈયાર છો.
માર્ક બાજુને પ્રેશર ફુટ નીચે રાખો.
સ્ટિચ પેટર્ન સિલેક્ટરને A પર રાખો અને સ્ટિચ લેન્થ સિલેક્ટરને 2 અને 3 ની વચ્ચે રાખો.
સ્ટિચ લોક કરી, લાઈન પર સીવો.
મશીન બંધ કરો અને કાપડ કાઢી નાખો.
હવે આવી જ રીતે બધા ચાર ખૂણા બતાવ્યા પ્રમાણે સીવો.
સ્ટિચ લોક કરવાનું યાદ રાખો.
પિન્સ કાઢો અને પા ઇંચનો અલાવન્સ રાખીને ખૂણા કાપી નાખો.
બાકીના ત્રણ ખૂણાને પણ આમ જ કરો.
વધારાની ઝીપ પણ બંને તરફથી થોડું અલાવન્સ રાખતા કાપી નાખો.
બસ થઈ જ ગયું છે!
પાઉચને ચત્તુ કરો.
ખૂણા બરાબર કરીને સરખા કરો.
તમારું બોક્સી ઝિપર પાઉચ તૈયાર છે..
સહેલું હતું ને!
હવે તમારી રીતે અલગ-અલગ સાઈઝ, કાપડ અને રંગ સાથે એક્સપેરિમેન્ટ કરો અને તમારી સર્જનશીલતાને અવકાશ આપો!